BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રૅમ્પટન દાખલ કરશે કર્મચારીઓ માટે રસીકરણ નીતિ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (01 સપ્ટેમ્બર 2021) – આજે કાઉન્સિલની વિશેષ સભા બાદ સિટી ઓફ બ્રૅમ્પટન સીટી ઓફ બ્રૅમ્પટનના તમામ કર્મચારીઓ માટે રસીકરણ નીતિનો અમલ કરવાના તેમના ચાલુ રહેલા પ્રયાસોને વેગ આપશે.

COVID-19ની શરૂઆતથી અત્યાર સુધી સિટીના કર્મચારીઓએ લેબર પાર્ટનરો અને પીલની નગરપાલિકાઓ સાથે મળીને પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન હેઠળ કાર્ય કર્યું છે જેથી એવા વિવિધ પગલાં લઈ શકાય જે સિટીની સેવાઓ પ્રદાન કરવામાં કર્મચારીઓ અને જાહેર જનતાની સલામતીને અગ્રતાક્રમે મુકે. આ નીતિ તેવો જ અભિગમ અપનાવશે જેથી સિટીના કર્મચારીઓ અને તેમના પરિવારોના આરોગ્ય અને સલામતીને સુરક્ષિત રાખવામાં સહાય મળે અને સિટી ખાતરીપૂર્વક સુરક્ષિત રીતે COVID-19 સામે રક્ષણ આપીને પોતાના સમાજની સેવા કરી શકે.

સિટીની નીતિ તે માહિતીને પણ ધ્યાન પર લેશે જે આજે ઓન્ટારિઓની સરકારે જાહેર કરી છે, કે વિશિષ્ટ પરિસ્થિતિઓમાં રસીકરણનો પુરાવો જરૂરી બનશે.

પીલ રિજનના સૌથી મોટા નિયોક્તા પૈકી એક હોવાથી, સિટી ઓફ બ્રૅમ્પટન 6,000 કરતા વધુ કર્મચારીઓને રોજગાર આપે છે. તે સ્વાસ્થ્યપ્રદ અને સુરક્ષિત કાર્યસ્થળ માટે પ્રતિબદ્ધ છે જે કર્મચારીઓના અને તેઓ સેવા આપે છે તે સમાજના કલ્યાણને અગ્રિમતા આપે છે. આ નીતિ સિટીના તમામ વિભાગોમાં તમામ કર્મચારીઓને લાગુ પડશે.

છૂટ પ્રાપ્ત વ્યક્તિઓને ઓન્ટારિયો માનવાધિકાર સંહિતા હેઠળ સમાયોજીત કરવામાં આવશે.

લાગુ પડવાની તારીખો સહિત સંપૂર્ણ નીતિને આવતા સપ્તાહમાં અંતિમ રૂપ અપાશે.

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

# Media Release

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca